જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૫/૨૦૧૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૯૫૭/૧૬

બાપુનગર

બાપુનગર પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં.૯૮/૧૬ ઇપીકો કલમ ૪૦૬.૪૨૦.૧૧૪,૪૬૫,૪૬૮,૪૭૧ મુજ્બના ગુનાના કામના ફરીયાદી મોહસીન હુસૈન મકબુલ હુસૈન જતે રાઠોડ ઉ.વ.૨૬ રહે.બ્લોક નં.૨૦/૮૯ બોમ્બે હાઉસીંગ પોલીસ લાઈન હાથીખાઇ ગોમતીપુર અમદાવાદ શહેર નાઓની સાથે સને ૨૦૧૫ ના સપ્ટેમ્બર માસ થી ઓકટોમ્બર માસ દરમ્યાન મોહસીનહુસેન મકબુલહુસેન રાઠોડ પાસે તથા મિત્ર ધર્મેશ જગન્નાથા જાની તથા અશ્વિનસિહ દશરથસિહ બિહોલા નાઓ પાસે થી આરોપીઓ નરેન્દ્ર વ્યાસ તથા કાજલબેન જે. પટેલ નાઓએ ખોડીયાર નગર ચાર પાસે જલારામ આઈસ્ક્રીમ પાર્લરના ઉપરના ભાગે આવેલ તેઓની ઉપરોક્ત ઓફીસે બોલાવી અલગ અલગ તારીખોએ મોહસીનહુસેન મકબુલહુસેન રાઠોડ પાસે તથા મિત્રો પાસેથી ત્રણ લાખ એંસી હજાર રુપિયા સચિવાલય ક્લાર્કમાં સરકારી નોકરી અપાવાની લાલચ આપી વિશ્વાસમાં લઈ છેતરપીંડી કરી મોહસીનહુસેન મકબુલહુસેન રાઠોડ પાસે તથા મિત્ર પાસેથી પૈસા લઈ આજદીન સુધી નોકરી આપેલ નહીં તેવી રજુઆત કરતા અને સદર આરોપી નરેન્દ્ર વ્યાસ હાલમાં બાપુનગર ડી-માર્ટ સામે માતાજીના માંડવામાં બેઠેલ છે તેવુ જણાવતા સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઇ.એસ.એ.પટેલ નાઓને જાણ કરતા તેઓએ તેમના તાબાના માણસો દ્વારા સદરી આરોપી નરેન્દ્ર વ્યાસ નાઓને ગઈ તા.૨૩/૦૫/૧૬ રાતના ૨/૩૦ વાગ્યાની આસપાસ અત્રે બાપુનગર પો.સ્ટેસન પુછ પરછ માટે લાવતા અને ઉપરોકત ફરીયાદીએ તેના વિરૂધ્ધમાં ફરીયાદ આપતા અને સદર ગુનાની તપાસ કરતા પો.સ.ઇ.ડી.ડી.ચૌધરી નાઓએ સદરી નરેન્દ્ર સુરેશચંન્દ્ર વ્યાસ ઉ.વ.૨૬ (રહે.મ.નં.એ/૩૬ જાગૃતિ સોસાયટી પ્રતિક ટેનામેન્ટ પાસે ઇન્ડીયા કોલોની બાપુનગર અમદાવાદ શહેર નાઓને ઉપરોકત ગુનાના કામે તા.૨૩/૦૫/૧૬ બપોરના ૧/૪૫ વાગે પકડી અટક કરેલ છે અને આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)